# શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ

# શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ

લેખિકા
ડૉ. સરયુબહેન આર. મહેતા
એમ. એ., પીએચ. ડી.

પ્રકાશક
શ્રેયસ પ્રચારક સભા
એ. એમ. મહેતા ઍન્ડ કું.,
શરફ મેન્શન, બીજે માળે,
૩૨, પ્રિન્સેસ સ્ટ્રીટ.
મુંબઈ–૪૦૦ ૦૦૨

પ્રકાશક

શ્રેયસ પ્રચારક સભા,
શરફ મેન્શન, બીજે માળે,
૩૨, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ – ૪૦૦ ૦૦૨

પ્રથમ આવૃત્તિ, જાન્યુઆરી ૧૯૭૦
બીજી આવૃત્તિ, ઓગસ્ટ ૧૯૮૩
ત્રીજી આવૃત્તિ, નવેમ્બર ૧૯૮૭

સર્વ હક્ક લેખકને સ્વાધીન


પ્રાપ્તિસ્થાન

(૧) એ. એમ. મહેતા એન્ડ કું.
શરફ મેન્શન, બીજે માળે,
૩૨, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ – ૪૦૦ ૦૦૩
ફોન નં. ૩૧૩૯૮૭

(૨) જયંતિભાઈ ભીમાણી,
પ્રકાશ જ્વેલર્સ; નવા નાકા રોડ,
રાજકોટ–૩૬૦ ૦૦૧
ફોન નં. ૨૪૧૭૫

(૩) જયંતિલાલ ત્રિકમલાલ સંઘવી,
૫૦ બી સ્થાનકવાસી જૈન સોસાયટી,
નારણપુરા રેલ્વે ક્રોસીંગ પાસે, વાડજ,
અમદાવાદ ૩૮૦ ૦૧૩
ફોન નં. ૪૦૦૦૩૦; ૪૬૫૯૫૭

મુદ્રક : વિજયકુમાર એન. શેઠ, પ્રિન્ટવેલ દુધેશ્વર, પુનાજી એસ્ટેટ, ઘોબીઘાટ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧



શ્રીમદ્ રાજચંદ્ર

જન્મ: કાર્તિક સુદ પૂર્ણિમા, સં. ૧૯૨૪ દેહવિલય: ચૈત્ર વદ ૫, સં. ૧૯૫૭

# અર્પણ

શ્રીમદ્ રાજચંદ્ર જેવા સમર્થ જીવનતત્ત્વવેત્તાનો

મને બાળપણમાં જ પરિચય કરાવી

તેમના પ્રતિની શ્રદ્ધાનું સિંચન કરનાર

**મારાં પરમપૂજ્ય માતા-પિતાને**

**આ ગ્રંથ પ્રેમપૂર્વક અર્પણ કરતાં**

**હું ધન્યતા અનુભવું છું.**

**—સરયુ રજની મહેતા**

# પ્રથમ આવૃત્તિનું પ્રાક્કથન

શ્રીમદ્ રાજચંદ્રે પોતાના ટૂંકા જીવનમાં જે આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત કરી હતી તેનો પરિચય કરવાની મને નાની વયે અભિલાષા જાગી હતી. તેમનાં વચનોનું સામાન્યપણે વાચન કરવાના સંસ્કારો તો મારાં પૂ. માતા-પિતા તરફથી મળ્યા હતા, પણ વિશેષપણે રસ લેવાનું બન્યું ન હતું. પણ કોઈક વખતે તે અભિલાષા પૂર્ણ કરવાની ભાવના મારામાં રહ્યા કરતી. પોતાની નાની વયમાં જ તેમણે ખીલવેલ સ્મરણશક્તિ, કવિત્વશક્તિ, અવધાનશક્તિ, જ્યોતિષજ્ઞાન વગેરે મારા આકર્ષણનો મુખ્ય વિષય હતાં. એવું તે શું હતું કે બાળવયથી જ આ બધી અસામાન્ય ગણાય તેવી શક્તિઓ તેમનામાં ખીલી હતી? – એ મારી જિજ્ઞાસાનો મુખ્ય પાયો હતો.

પરમકૃપાળુ ભગવાનની કૃપાથી એ જિજ્ઞાસા સંતોષવાનો સમય પણ આવ્યો. ઈ. સ. ૧૯૬૦માં હું એમ. એ. થઈ. પછી ક્યારેક પીએચ. ડી. કરવાના વિચાર પણ આવી જતા, પરંતુ કોઈ નક્કર પાયો બંધાયો ન હતો. મારા અધ્યાપક ડૉ. રમણભાઈ શાહ મને પીએચ. ડી. માટે પૂછતા ત્યારે હું ઉત્તર આપતી કે, "રમણભાઈ, તમે પીએચ. ડી. માટે માર્ગદર્શક નિમાશો ત્યારે તમારી સૌથી પહેલી શિષ્યા હું થઈશ." ઈ. સ. ૧૯૬૩માં ડૉ. રમણભાઈ મુંબઈ યુનિવર્સિટીમાં પીએચ. ડી. ના માર્ગદર્શક નિમાયા. તેમણે એ સમાચાર મને આપ્યા, અને મારો પીએચ. ડી. કરવાનો વિચાર આકાર પામ્યો. સૌ પ્રથમ "શ્રીમદ્ રાજચંદ્રના જીવન અને સાહિત્ય"ને વિષય તરીકે પસંદ કરવાનો વિચાર આવ્યો, પણ માર્ગદર્શકનો જ અભિપ્રાય પૂછવો યોગ્ય માની એ વિચાર મેં મનમાં શમાવ્યો. પણ, આશ્ચર્યની વાત એ જ હતી કે, ડૉ. રમણભાઈએ મને આ પ્રમાણે સૂચવ્યું, "સરયુબહેન, શ્રીમદ્ રાજચંદ્રમાં તમને રસ છે. મને પણ તેમનો અભ્યાસ થાય એવી ઇચ્છા છે, તો તે વિષય પસંદ થાય તો સારું, નહિતર બીજા અનેક વિષયો છે તેમાંથી પસંદ કરો." આથી મને ખૂબ સંતોષ થયો. "ભાવતું'તું ને વૈદે બતાવ્યું". એવો આવકારદાયક જોગાનુજોગ બની આવ્યો; અને એ પ્રમાણે ઈ. સ. ૧૯૬૩ના નવેમ્બરમાં પીએચ. ડી. માટે વ્યવસ્થિત અભ્યાસ શરૂ કર્યો.

આરંભમાં તો ખૂબ આનંદ આવ્યો. પણ જેમ જેમ અભ્યાસ વધતો ગયો તેમ તેમ સમજાતું ગયું કે હું તો સાવ નાનકડી નાવ લઈને મહાસમુદ્ર તરવાની હામ બીડી બેઠી છું! કરવું શું? મારી મર્યાદાઓ અને તેમનું જ્ઞાન સ્પષ્ટ સમજાતાં ગયાં. ક્યારેક તો આ મર્યાદાઓથી અકળાઈને ઉપાડેલું કાર્ય છોડી દેવાની વૃત્તિ પણ આવી જતી. પરંતુ પરિચિત વ્યક્તિઓના પ્રોત્સાહનથી કાર્ય ધીરે ધીરે આગળ વધતું હતું. તેમાંથી શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યેનો અર્પણભાવ વધ્યો. તેથી મનોમન તેમને જ વિનંતી કરતી કે "હે પ્રભુ, હવે તો તમે કરો તે સાચું, ગજા વગરનું કાર્ય ઉપાડ્યું તો છે, છતાં સારું કાર્ય હોવાથી છોડું પણ કેમ? માટે એ પૂરું કરવાનું બળ તમે જ આપો." અને મારે કહેવું જોઈએ કે, મારી એ વિનંતીના ફળરૂપે, મને યોગ્ય બળ મળતું ગયું.

એ વર્ષના ગાળામાં મહાનિબંધ ( થિસીસ ) પૂર્ણ થયો અને નવેમ્બર ૧૯૬૫માં એ તપાસણી માટે યુનિવર્સિટીને સોંપ્યો. પ્રભુકૃપાએ તે પાસ થયો અને આજે તો એ છપાઈને પ્રગટ પણ થાય છે. પરંતુ અભ્યાસકાળ દરમ્યાન એટલું તો સમજાઈ ગયું કે જેટલું લખાયું છે તેનાથી અનેકગણું શ્રીમદ્‌નાં વચનોમાં ગર્ભિત છે. અને તે પણ જેમ જેમ આત્મદશા ઊંચી આવે તેમ તેમ જ સમજાય એમ છે.

શ્રીમદે પોતાની હયાતી દરમ્યાન "ભાવનાબોધ", "મોક્ષમાળા", "સ્ત્રીનીતિબોધક" અને "પુષ્પમાળા" સિવાયની કોઈ પણ કૃતિને પ્રસિદ્ધિ આપી ન હતી. આ સાહિત્ય તેમના અન્ય સાહિત્ય સાથે સંશોધિત કરીને, તેમની હયાતી બાદ, તેમના ભાઈ શ્રી મનસુખભાઈએ "પરમશ્રુત પ્રભાવક મંડળ" તરફથી વિ. સંવત ૧૯૬૧માં પ્રગટ કર્યું હતું. આ આવૃત્તિ દેવનાગરી લિપિમાં પ્રગટ થઈ હતી.

તે પછી વિ. સંવત ૧૯૭૦માં "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથની બીજી આવૃત્તિ મનસુખભાઈએ ગુજરાતી લિપિમાં પ્રગટ કરી. વિ. સં. ૧૯૮૦માં એની ત્રીજી આવૃત્તિનું કાર્ય ચાલુ થયું, પણ તે પૂર્ણ થાય તે પહેલાં જ શ્રી મનસુખભાઈનું અવસાન થયું. એટલે અપૂર્ણ રહેલું એ કાર્ય તેમના ભાણેજ શ્રી હેમચંદ ટોકરશી મહેતાએ પૂર્ણ કર્યું. આ પછી વિ. સં. ૧૯૮૨માં આ ગ્રંથની દેવ-નાગરી લિપિમાં બીજી આવૃત્તિ પ્રગટ થઈ. આ બધી આવૃત્તિઓ "પરમશ્રુત પ્રભાવક મંડળ" તરફથી પ્રગટ થઈ હતી. તે પછી વિ. સં. ૧૯૯૧-૯૨માં શ્રી હેમચંદ ટોકરશી મહેતાએ શ્રીમદ્‌ના સાહિત્યને સાત ખંડમાં વિભાજિત કરી પાંચમી આવૃત્તિ પ્રગટ કરી. અને વિ. સં. ૧૯૯૭માં આ સાહિત્યની છઠ્ઠી આવૃત્તિ પણ શ્રી હેમચંદભાઈએ પ્રગટ કરી.

તે પછી આ બધું સાહિત્ય "શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ – અગાસ"ને સોંપવામાં આવ્યું. તે અને નવું સંશોધન કરીને શ્રીમદ્‌નું બીજું કેટલુંક સાહિત્ય પણ "શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ – અગાસ" તરફથી શ્રી બ્રહ્મચારી ગોવર્ધનદાસજીએ "શ્રીમદ્ રાજચંદ્ર" આ. ૧માં વિ. સં. ૨૦૦૭માં પ્રગટ કર્યું. અને એ ગ્રંથનું પુનર્મુદ્રણ શ્રી રાવજીભાઈ દેસાઈએ તે જ સંસ્થા તરફથી વિ. સં. ૨૦૨૦માં પ્રગટ કર્યું.

આમ શ્રીમદ્‌ના સાહિત્યની વિવિધ આવૃત્તિઓ પ્રગટ થતી રહી છે. એ સાહિત્યના જુદા જુદા દષ્ટિકોણથી અભ્યાસ કર્યો હોવાથી આ મહાનિબંધમાં કેટલીક વાર મુદ્દાઓનું પુનરાવર્તન ટાળી શકાયું નથી. એથી એ દોષની નમ્રતાપૂર્વક ક્ષમા યાચું છું.

બહુ ઓછા મહાનિબંધોને તરત જ ગ્રંથરૂપે પ્રકાશિત થવાનું સદ્‌ભાગ્ય મળે છે. મારા આ મહાનિબંધને એવું સદ્‌ભાગ્ય સાંપડ્યું એ પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રની જ કૃપાનું ફળ છે, એમ હું માનું છું. ભારતીય દર્શનો અને જૈન આગમોના જાણીતા વિદ્વાન પંડિતવર્ય મુરબ્બી શ્રી દલસુખભાઈ માલવણિયાએ મારા પ્રત્યેની ભલી લાગણીથી પ્રેરાઈને, આ મહાનિબંધ પ્રગટ કરવાની

અમદાવાદના સુપ્રસિદ્ધ શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટને ભલામણ કરી; અને એ ભલામણને આવકારીને શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટે, શ્રીમદ્‌ની જન્મશતાબ્દીના એક સંભારણારૂપે, આ મહાનિબંધ પ્રગટ કર્યો. આ માટે મુરબ્બી શ્રી દલસુખભાઈનો તેમ જ શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટના ધર્માનુરાગી સંચાલકોનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

શ્રીમદ્‌ના સ્ફટિક સમા નિર્મળ જીવનને અને એમની હૃદયસ્પર્શી રચનાઓને સમજવામાં આ ગ્રંથ યત્કિંચિત્ પણ ઉપયોગી થઈ પડશે તો મારો આ શ્રમ કૃતકૃત્ય થયો માનીશ. બાકી, આ મહાનિબંધનું સર્જન કરતાં કરતાં મને સ્વ-પરના વિચાર-ચિંતન કરવાનો જે અલ્પ-સ્વલ્પ લહાવો મળ્યો છે, એ તો ક્યારેય ન વીસરી શકાય એવો છે. એવું સદ્‌ભાગ્ય મને પુનઃ પુનઃ પ્રાપ્ત થાઓ, એ જ પ્રાર્થના.

જ્ઞાનપંચમી, વિ. સં. ૨૦૨૬
૧૩, મોરબી હાઉસ
ગોવા સ્ટ્રીટ, મુંબઈ – ૧

—સરયુ ર. મહેતા

# બીજી આવૃત્તિનું પ્રાક્કથન

શ્રીમદ્ રાજચંદ્રની જન્મશતાબ્દીના સંભારણા રૂપે "શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ" ગ્રંથ ઇ. સ. *૧૯૭૦માં શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ તરફથી પ્રગટ થયો હતો. આ ગ્રંથને સદ્‌વાચકો* તરફથી ઘણો સારો આવકાર મળતાં ટૂંકા ગાળામાં જ આ દળદાર ગ્રંથ અપ્રાપ્ય બની ગયો હતો. લાંબા સમય સુધી આ ગ્રંથ અનુપલબ્ધ રહેતાં વાચકો તરફથી તેની માગણી સતત ચાલુ રહી હતી. પરિણામે તેનું ફરીથી પ્રકાશન કરવું જરૂરી બન્યું.

આ જરૂરિયાતને પૂરી કરવાની જવાબદારી મુંબઈની શ્રી શ્રેયસ પ્રચારક સભાએ સ્વીકારી લીધી અને ગ્રંથનું પુનર્મુદ્રણ શરૂ થયું અને એમ કરતાં પહેલી વખતે રહેલા અલ્પ મુદ્રણદોષોને સુધારી લેવાનો પ્રયત્ન પણ કર્યો છે. આશા છે કે આ વખતે જે કોઈ મુદ્રણદોષો રહી જવા પામ્યા હોય તેને સુજ્ઞ વાચકો સુધારી લેવા પ્રવૃત્ત બનશે.

આ ગ્રંથમાં ઘણી પાદનોંધ અપાયેલી છે. તેમાં વારંવાર નોંધાયેલો "એજન" શબ્દ ઘણા વાચકગણને મૂંઝવી ગયો જણાયો છે. અંગ્રેજીમાં "IBID" શબ્દનો આ પર્યાયવાચક શબ્દ છે. તેનો ઉપયોગ આ પ્રમાણે સમજવા સર્વ વાચકોને વિનંતી છે :

એક અવતરણ એક ગ્રંથમાંથી લેવામાં આવ્યું હોય અને તે પછીનું અવતરણ તે જ ગ્રંથમાંથી લેવાયું છે એવું સૂચવવા માટે "એજન" શબ્દ મુકાય છે. પૃષ્ઠ નંબર જુદા જુદા હોવાથી એ આંક સાથે આપવામાં આવ્યા છે. ઉદા. ત. પહેલા પ્રકરણની નોંધ ૪ તથા ૫ જુઓ. ૫ મી નોંધ આ પ્રમાણે છે – "એજન પૃ. ૨૦૪." આ સૂચવે છે કે ૫ મી નોંધનું અવતરણ "શ્રીમદ્ રાજચંદ્ર અગાસ આ. ૧" ના પૃ. ૨૦૪ પરથી લેવામાં આવ્યું છે. ૪ થી નોંધના અનુસંધાનમાં ૫ મી નોંધ જોવી જોઈએ. એટલે કે જે નોંધ 'એજન' શબ્દ સૂચવે તેના પહેલાંની નોંધમાં જે ગ્રંથ નોંધાયો હોય તે ગ્રંથમાંથી પ્રસ્તુત અવતરણ લેવાયું છે એમ સમજવું.

આશા છે કે આ ખુલાસાથી વાચકને વાચનની સરળતા વધશે.

આ ગ્રંથ ધર્મજિજ્ઞાસુ વાચકો સમક્ષ શ્રી શ્રેયસ પ્રચારક સભા તરફથી પ્રસ્તુત કરતાં આનંદ અનુભવાય છે. અને સાથે સાથે આ કાર્યને સફળતાપૂર્વક પાર પાડવામાં જેમણે જેમણે પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ રીતે સાથ આપ્યો છે તે સહુનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનું છું.

તા. ૧૫–૮–૧૯૮૩
૧૩, મોરબી હાઉસ,
ગોવા સ્ટ્રીટ, ફોર્ટ,
મુંબઇ – ૪૦૦ ૦૦૧

— સરયુ રજની મહેતા

# ત્રીજી આવૃત્તિનું પ્રાક્કથન

શ્રીમદ્ રાજચંદ્રની જન્મશતાબ્દીના સંભારણા રૂપે "શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ" ગ્રંથ ઈ. સ. ૧૯૭૦માં શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થયો હતો. આ મહાનિબંધને શ્રીમદ્ રાજચંદ્રના અનુયાયીઓ તથા ભક્તજનો તરફથી સારો આવકાર મળતાં તેની નકલો ટૂંકા ગાળામાં અપ્રાપ્ય બની ગઈ. ઈ. સ. ૧૯૮૩માં, ઘણા લાંબા અપ્રાપ્તિના કાળ પછી આ ગ્રંથ શ્રી શ્રેયસ પ્રચારક સભાના ઉપક્રમે લભ્ય બન્યો. ફરીથી તે ગ્રંથની માંગ રહેતાં આ ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરવાનું સદ્‌ભાગ્ય ઈ. સ. ૧૯૮૭માં પ્રાપ્ત થયેલ છે.

સર્વ ધર્મજિજ્ઞાસુ વાચકો સમક્ષ આ ગ્રંથની નકલો શ્રી શ્રેયસ પ્રચારક સભા તરફથી ઉપસ્થિત કરતાં આનંદ અનુભવાય છે. સાથે સાથે આ કાર્યને સફળતાપૂર્વક પાર પાડવામાં જેમણે જેમણે પ્રત્યક્ષ તેમજ પરોક્ષ ફાળો આપ્યો છે તે સહુનો ઉપકાર માનું છું. અને સહુને કૃપાળુદેવની અનન્ય કરુણાની પ્રસાદી પ્રાપ્ત થાય તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરું છું.

શ્રીમદ્ રાજચંદ્રના જીવન તથા કવનનો અભ્યાસ, અભ્યાસી જીવોને આત્મશાંતિ અને આત્મવિશુદ્ધિ અર્થે ઉપકારક નીવડે એ જ ભાવના સાથે...

સં. ૨૦૪૪, કાર્તિકી પૂનમ,
તા. ૫–૧૧–'૮૭
૧૩, મોરબી હાઉસ,
ડૉ. સુંદરલાલ બટલ પથ,
મુંબઈ – ૪૦૦ ૦૦૧

—સરયુ રજની મહેતા

# પ્રકાશકનું નિવેદન

પરમઉપકારી, આત્મસાધક સંતપુરુષ શ્રીમદ્ રાજચંદ્રની જન્મશતાબ્દીના પુણ્ય પ્રસંગ નિમિત્તે, એમના જ મંગલમય જીવન અને હૃદયસ્પર્શી સાહિત્યનું દર્શન કરાવતો આ દળદાર ગ્રંથ શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થાય છે, એનો અમને ખૂબ આનંદ છે. એ મહાપુરુષની પ્રેરક અને પવિત્ર સ્મૃતિને આવા સાહિત્ય-સુમનનું અર્ઘ્ય અર્પણ કરવાનો અમને અવસર મળ્યો, એ અમારું મોટું સદ્ભાગ્ય છે.

કાજળની કોટડીમાં રહેવા છતાં, નિષ્કલંક રહી શકે એવી વ્યક્તિઓ દુનિયામાં બહુ વિરલ હોય છે. પરમ પૂજનીય શ્રીમદ્ આવા જ એક વિરલ સત્પુરુષ થઈ ગયા. તેઓ જીવનભર સંસારમાં રહ્યા, અથવા કહીએ કે સંસારીને વેશે રહ્યા, પણ અંતર તો એમનું એક આદર્શ ત્યાગી, વૈરાગી, તપસ્વી જેવું હતું. એમની જીવનભાવનામાં આત્મતત્ત્વને પામવાની ઉત્કટ તાલાવેલી ભરી હતી, અને એમનો સમગ્ર વ્યવહાર નિર્ગ્રંથપણા તરફની ધર્મરુચિથી સભર હતો.

પરમાર્થ અને પરમાનંદને પામવાની પોતાની ઉત્કટ ઝંખનાનું વર્ણન કરતાં શ્રીમદે પોતે જ કહ્યું છે કે :—

> "રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે. આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે, સ્વપ્ન પણ એ જ છે, ભય પણ એ જ છે, ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે, ચલન પણ એ જ છે, આસન પણ એ જ છે. અધિક શું કહેવું ? હાડ, માંસ અને તેની મજ્જાને એક જ એ જ રંગનું રંજન છે. એક રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે, અને તેને લીધે નથી કંઈ જોવું; ગમતું, નથી કંઈ સૂંઘવું ગમતું, નથી કંઈ સાંભળવું ગમતું, નથી કંઈ ચાખવું ગમતું કે નથી કંઈ સ્પર્શવું ગમતું, નથી બોલવું ગમતું કે નથી મૌન રહેવું ગમતું, નથી બેસવું ગમતું કે નથી ઊઠવું ગમતું, નથી સૂવું ગમતું કે નથી જાગવું ગમતું, નથી ખાવું ગમતું કે નથી ભૂખ્યું રહેવું ગમતું, નથી અસંગ ગમતો કે નથી સંગ ગમતો, નથી લક્ષ્મી ગમતી કે નથી અલક્ષ્મી ગમતી એમ છે; તથાપિ તે પ્રત્યે આશાનિરાશા કંઈ જ ઊગતું જણાતું નથી. તે હો તોપણ ભલે અને ન હો તોપણ ભલે. એ કંઈ દુઃખનાં કારણ નથી. દુઃખનું કારણ માત્ર વિષમાત્મા છે, અને તે જો સમ છે તો સર્વ સુખ જ છે. એ વૃત્તિને લીધે સમાધિ રહે છે. તથાપિ બહારથી ગૃહસ્થપણાની પ્રવૃત્તિ નથી થઈ શકતી, દેહભાવ દેખાડવો પાલવતો નથી, આત્મભાવથી પ્રવૃત્તિ બાહ્યથી કરવાને કેટલોક અંતરાય છે. ત્યારે હવે કેમ કરવું ? કયા પર્વતની ગુફામાં જવું અને અલોપ થઈ જવું, એ જ રટાય છે. તથાપિ બહારની અમુક સંસારી પ્રવૃત્તિ કરવી પડે છે. તે માટે શોક તો નથી, તથાપિ સહન કરવા જીવ ઇચ્છતો નથી. પરમાનંદ ત્યાગી એને ઇચ્છે પણ કેમ ?"
>
> (શ્રી સોભાગભાઈ ઉપર લખેલ પત્રમાંથી; આંક ૧૩૩માંથી.)

આ ઉપરથી શ્રીમદ્ પ્રત્યે અંતરમાં સહેજે એવી ભાવોર્મિ જાગે છે કે, સાચે જ તેઓ, સંસાર-વ્યવહાર અને વેપાર-વણજની કાજળની કોટડીમાં જીવનભર રહેવા છતાં, તદ્દન નિષ્કલંક જીવન જીવી ગયા, અને જળકમળની જેમ સૌની વચ્ચે છતાં સૌથી અલિપ્ત એવું ઊર્ધ્વગામી જીવન જીવવાનો એક જ્વલંત આદર્શ બતાવતા ગયા !

આમ જોઈએ તો અમૃતતત્ત્વ એ કલ્પનાશીલ અને અજરઅમરપણાના આશક કો ખુમારીદાર કવિની કલ્પના જ લેખાય છે. તોપણ દુનિયાને એનું કેટલું બધું આકર્ષણ છે ! ઘડપણ અને મરણથી પર થવાનું કોને ન ગમે ભલા ? અને છતાં એ અમૃતતત્ત્વને પામીને અજર-અમર બનનારાને તો વિશ્વમાં હજી પણ શોધવાના જ રહે છે ! પણ આમ થવાનું કારણ માનવી દેહથી અજર-અમર બનવાની ઝંખનામાં ને ઝંખનામાં જે સાથેસાથ જરા અને મૃત્યુથી સદા-સર્વથા અલિપ્ત છે, એ તત્ત્વને નથી પિછાની શકતો, એ છે. આત્મતત્ત્વ એ જ અમૃતતત્ત્વ છે. આત્મા ન ક્યારે વૃદ્ધ થાય છે, ન એને કદી મૃત્યુ સ્પર્શી શકે છે. જરા અને મરણ એ તો દેહને જ સ્પર્શે છે, દેહનો જ એ સ્વભાવ છે. અને અમૃતતત્ત્વ સમું આ આત્મતત્ત્વ તો દેહે દેહે ભર્યું પડ્યું છે — ભલે પછી એ દેહ કંથવા, કીડી કે કુંજરનો હોય કે દેવ યા મનુષ્યનો હોય. પણ જે પોતાની અંદર જ રહેલું છે એને માનવી ઓળખી શકતો નથી, અને જે બહારથી ક્યારેય મળી શકે એમ નથી એની પાછળ ફાંફાં માર્યા કરે છે : સંસારની આ જ માયા અને ગૂઢતા છે; અને એને ભેદીને આગળ વધનારા બહુ ઓછા છે. જેઓ એ માયા અને ગૂઢતાનાં પડોને ખસેડીને આત્મતત્ત્વનું દર્શન કરે છે, અને એ તત્ત્વનો સાક્ષાત્કાર કરવા પુરુષાર્થ આદરે છે, તેઓ જ અમૃતરસનો આસ્વાદ માણી શકે છે. અને જેઓ એક વાર પણ આત્મસાધનાના અમૃતરસનો આસ્વાદ પામે છે, એમને સંસારના બીજા બધા રસો ફીકા લાગે છે. શ્રીમદ્ રાજચંદ્રના જીવનની અને એમની સાધનાની આ રીતે જ મુલવણી થવી ઘટે છે. એમને આત્મતત્ત્વના અમૃત સિવાય કશાયની ખેવના ન હતી. એ તત્ત્વને પામવા જ તેઓ જીવ્યા અને જીવનભર ઝઝૂમ્યા. એમના આત્મધર્મપરાયણ જીવનની આ જ અપૂર્વ સિદ્ધિ !

શ્રીમદ્દનું આયુષ્ય તો માત્ર ૩૩ વર્ષ જેટલું ટૂંકું હતું, પણ સતત જાગ્રત રહીને પળપળનો ઉપયોગ કરી જાણનારને પોતાના જીવનને સફળ બનાવવા માટે લાંબા કે ટૂંકા આયુષ્યનો કોઈ ભેદ નથી રહેતો. જેને આપણે ટૂંકું આયુષ્ય કહીએ છીએ એમાં પણ એ જીવનસાધક સંતે કેટલું મનોમંથન કર્યું, કેટલું વાચન-મનન કર્યું, કેટલું બધું એકાંત મૌન અને ધ્યાન કર્યું, કેટલો વેપાર અને સંસાર-વ્યવહાર નભાવ્યો, કેટલી બધી તપ-ત્યાગ-સંયમની સાધના કરી, કેટલા બધા આત્મજિજ્ઞાસુઓને માર્ગદર્શન કરાવ્યું ! અને આ બધા સાથે, એમણે જુદા જુદા વિષયને લગતા, ગદ્ય અને પદ્ય, કેટલા બધા સાહિત્યનું સર્જન કર્યું ! શ્રીમદ્દની આ જીવનસિદ્ધિ આત્માની અનંત શક્તિ અને શાશ્વત સંપત્તિની પ્રતીતિ કરાવવા સાથે ભગવાન મહાવીરે વારંવાર ઉદ્બોધેલ અપ્રમત્તતાનું પ્રેરક ઉદાહરણ બની રહે એવી છે.

શ્રીમદ્‌ની આ વિરલ જીવનસિદ્ધિનું થોડું-ઝાઝું દર્શન કરાવવું એ આ ગ્રંથરત્નનો ઉદ્દેશ છે. અને એ ઉદ્દેશ સારી રીતે સફળ થયો છે એમ, ગ્રંથમાંની વિવિધ પ્રકારની વિપુલ અને સુસંકલિત સામગ્રી જોતાં, સહેજે સમજી શકાય છે. એનું કારણ એ છે કે, આ ગ્રંથ એ શ્રીમતી ડૉ. સરયુબહેન રજનીકાંત મહેતાએ મુંબઈ યુનિવર્સિટીમાં પીએચ.ડી.ની ડિગ્રી માટે રજૂ કરેલ મહાનિબંધ (Thesis) હોઈ એમાં ઝીણવટ અને ચોકસાઈપૂર્વક શ્રીમદ્‌ના સમગ્ર જીવનનું — એટલે કે એમના સંસારવાસનું, એમની ઉત્કટ આત્મસાધનાનું અને એમના વિપુલ સાહિત્યસર્જનનું—મર્મસ્પર્શી, આધારભૂત અને સર્વગ્રાહી અવલોકન કરવામાં આવ્યું છે.

શ્રીમતી સરયુબહેન એક સંશોધક વિદુષી હોવા સાથે, ભક્તહૃદયા ભગિની છે, અને શ્રીમદ્ પ્રત્યે તેઓ વિશેષ ધર્મરાગ અને ભક્તિ ધરાવે છે, એટલે આ મહાનિબંધ માત્ર સંશોધનની શુષ્ક વિગતોના અને નીરસ ઐતિહાસિક માહિતીઓના સંગ્રહરૂપ બનવાને બદલે ચીવટભર્યા સંશોધન, હૃદયસ્પર્શી ભક્તિ અને સરળ-મધુર લેખનશૈલીના ત્રિવેણીસંગમરૂપ બન્યો છે, અને તેથી એ વિશેષ વાચનક્ષમ, રસસભર અને આકર્ષક બની શક્યો છે : આ ગ્રંથની આ ધ્યાનપાત્ર વિશેષતા છે. અને તેથી શ્રીમદ્‌ના જીવન અને કાર્યનો પરિચય આપતાં, અને એમના જીવન અને કવનના સુગમ પરિચય દ્વારા ધર્મતત્ત્વના અમૃતરસની લહાણ કરવાનો પ્રયાસ કરતાં અત્યાર સુધીમાં જે નાનાં-મોટાં સંખ્યાબંધ પુસ્તકો પ્રગટ થયાં છે, એમાં આ ગ્રંથ પોતાનું આગવું, ગૌરવભર્યું, વિશિષ્ટ સ્થાન મેળવી શકશે એમાં શક નથી.

એક પૂજનીય વ્યક્તિના કલ્યાણકામી જીવનનું સુરેખ દર્શન કરાવતા આવા ઉત્તમ કોટિના ગ્રંથના પ્રકાશનના અમે નિમિત્ત બની શક્યા એનો અમને વિશેષ આહ્લાદ છે. આ ગ્રંથ અમારી વાચનમાળાના ઇતિહાસમાં એક શોભાયમાન વિશિષ્ટ સીમાસ્તંભરૂપ બની રહેશે, એ હકીકત પણ અમારા માટે ગૌરવ લેવા જેવી છે.

અમારા સહૃદય મિત્ર અને જાણીતા વિદ્વાન પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયાની ભલામણથી શ્રીમતી ડૉ. સરયુબહેને આ ગ્રંથ પ્રગટ કરવાની અમને અનુમતિ આપી. આ માટે અમે શ્રી દલસુખભાઈ માલવણિયાના અને શ્રીમતી સરયુબહેનના ખૂબ ખૂબ આભારી છીએ.

અમારા ધર્માનુરાગી મુરબ્બી શ્રીયુત પોપટલાલ સાંકળચંદ શાહે, શ્રીમદ્ પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને, આ મહાનિબંધ વાંચી જઈને કેટલાંક ઉપયોગી સૂચનો કર્યાં છે. અમારા મિત્ર શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ બધું લખાણ તપાસીને મુદ્રણને યોગ્ય કરી આપ્યું છે. ભાઈ શ્રી હસમુખલાલ અમૃતલાલ પરીખે આ ગ્રંથનાં પ્રૂફો તપાસ્યાં છે. સુપ્રસિદ્ધ ચંદ્રિકા પ્રિન્ટરીએ આનું સ્વચ્છ-સુઘડ મુદ્રણ કરી આપ્યું છે અને ડી. કદ્રેકર ઍન્ડ બ્રધર્સે આ ગ્રંથનું બાઇન્ડિંગ કરી આપ્યું છે. આ સૌનો અમે આભાર માનીએ છીએ.

ભાવનાશીલતાથી પ્રેરાઈને શ્રીમતી સરયુબહેને આ ગ્રંથની પોતાની રૉયલ્ટીની રકમ જતી કરી છે; ઉપરાંત, તેઓના સસરા સ્વર્ગસ્થ શ્રી મનસુખલાલ જીવરાજ મહેતાના શ્રેય નિમિત્તે, શ્રી મનસુખભાઈના

સુપુત્રો તરફથી, આ ગ્રંથમાં પંદરસો રૂપિયાની સહાય મળી છે. આને લીધે આ ગ્રંથની કિંમત ૭ રૂપિયા જેટલી ઓછી રાખવાનું શક્ય બન્યું છે. આવી ભાવના અને ઉદારતા દાખવવા બદલ અમે શ્રીમતી સરયુબહેનને તથા શ્રી મનસુખભાઈના સુપુત્રોને હાર્દિક ધન્યવાદ આપીએ છીએ.

ઇચ્છા તો હતી કે આવા સુંદર ગ્રંથનું યથાર્થ મૂલ્યાંકન કરતી કોઈ સહૃદય વિદ્વાનની અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના મળે; એમ થઈ શક્યું હોત તો એ સોના અને હીરાના સંયોગ જેવું થાત. પણ સંજોગવશાત્ એમ ન થઈ શક્યું, એટલે આવી પ્રસ્તાવના વગર જ આ ગ્રંથ પ્રગટ થાય છે. જ્યાં ગ્રંથ પોતે જ પોતાની વાતને પ્રતીતિકર રીતે રજૂ કરવાની ક્ષમતા ધરાવતો હોય ત્યાં ભલે એ ગ્રંથ પોતે જ પોતાની વાત વાચકોના અંતર સુધી પહોંચાડતો : આવા સંતોષ અને સમાધાનની લાગણી સાથે અમે આ ગ્રંથ ધર્મજિજ્ઞાસુઓની સેવામાં રજૂ કરીએ છીએ.

અમદાવાદ — ૭
કાર્તિકી પૂનમ : શ્રીમદ્‌નો જન્મદિન,
વિ. સં. ૨૦૨૬

**— લાલભાઈ મણિલાલ શાહ**

# અનુક્રમણિકા

## વિભાગ પહેલો : શ્રીમદ્ રાજચંદના જીવનની રૂપરેખા


**પ્રકરણ ૧ : શ્રીમદ્ રાજચંદ — જીવનરેખા** ... ... ... ૩

જાગૃતિનો કાળ–૧, જન્મ, માતાપિતા, બાલ્યકાળ–૫, જાતિસ્મરણજ્ઞાન–૧૦, શ્રીમદ્‌ની અવધાન શક્તિ–૧૬, શ્રીમદ્ જ્યોતિષી તરીકે–૩૦, શ્રીમદ્ કવિ, તેમનું સાહિત્ય–૩૫, શ્રીમદ્‌ને પ્રગટેલાં અવધિજ્ઞાન તથા લબ્ધિઓ–૪૨, શ્રીમદ્‌નું ભાષાજ્ઞાન તથા ગ્રંથાભ્યાસ–૪૬, શ્રીમદ્‌નો ગૃહસ્થાશ્રમ–૫૧, શ્રીમદ્ ક્રાંતિકારી–૫૯, શ્રીમદ્ વેપારી તરીકે–૬૪, શ્રીમદ્‌નું વ્યક્તિત્વ–૭૪, શ્રીમદ્‌ને સમ્યગ્દર્શન થયું હતું ?–૮૦, શ્રીમદ્‌નું અંતિમ વર્ષ–૮૮, શ્રીમદ્‌નું ધાર્મિક વલણ–૯૨, શ્રીમદ્‌ના અંગત પરિચયમાં આવનાર મહત્ત્વની વ્યક્તિઓ–૧૦૦, શ્રીમદ્‌ની ચમત્કારિક શક્તિઓ તથા સ્મરણીય પ્રસંગો–૧૦૨.


## વિભાગ બીજો : શ્રીમદ્‌નું કિશોરાવસ્થાનું સાહિત્ય


**પ્રકરણ ૨ : ભાવના બોધ** ... ... ... ૧૨૮

ભાવનાબોધ–૧૨૮, અનિત્યભાવના–૧૩૨, અશરણભાવના–૧૩૩, એકત્વભાવના–૧૩૬, અન્યત્વભાવના–૧૪૦, અશુચિભાવના–૧૪૨, નિવૃત્તિબોધ, સંસારભાવના–૧૪૫, આશ્રવભાવના–૧૪૭, સંવરભાવના–૧૪૯, નિર્જરાભાવના–૧૫૦, લોકસ્વરૂપભાવના–૧૫૦.

**પ્રકરણ ૩ : "મોક્ષમાળા"** ... ... ... ૧૫૨

સમ્યગ્દર્શન–૧૫૭, સમ્યગ્જ્ઞાન–૧૬૦, સમ્યક્ચારિત્ર–૧૬૯, સહાયભૂત પાઠો–૧૭૫, "મોક્ષમાળા"નાં કથાદૃષ્ટાંત–૧૭૯, "મોક્ષમાળા"ની પદ્યરચનાઓ–૧૮૭, "મોક્ષમાળા"માં જૈનધર્મથી અન્યૂનાધિકપણું–૧૯૪, "મોક્ષમાળા"નું બાલાવબોધપણું–૧૯૫.

**પ્રકરણ ૪ : પ્રકીર્ણ રચનાઓ** ... ... ૧૯૯

સ્ત્રીનીતિબોધક વિભાગ ૧–૧૯૯, ધર્મેતર પદ્યકૃતિઓ–૨૧૧, અવધાન કાવ્યો–૨૨૦, ધર્મને લગતાં કાવ્યો–૨૨૩, દ્વાદશાનુપ્રેક્ષા–૨૩૦, જીવાજીવવિભક્તિ–૨૩૩, મુનિ સમાગમ–૨૩૪, સ્વરોદયજ્ઞાન પરની ટીકા–૨૩૬, જીવતત્ત્વ સંબંધી વિચાર–૨૩૭, "પુષ્પમાળા"–૨૩૭, સાતસો મહાનીતિનાં વાક્યો વચનસપ્તશતી–૨૦૪, "વચનામૃત"–૨૪૧, પ્રકીર્ણ બોધવચનો–૨૪૨.

## વિભાગ ત્રીજો : શ્રીમદ્‌ની કિશોરાવસ્થા પછીની તત્ત્વવિચારણા - પદ્યમાં

**પ્રકરણ ૫ : "આત્મસિદ્ધિશાસ્ત્ર"** ... ... ૨૪૯

"આત્મસિદ્ધિશાસ્ત્ર"ની રચના માટેનું નિમિત્ત-૨૫૦. "આત્મસિદ્ધિશાસ્ત્ર"ના મનનનો અધિકારી વર્ગ, શ્રીમદ્‌ની દૃષ્ટિએ-૨૫૧. શ્રીમદે ગણેલા અધિકારીઓ પર "આત્મસિદ્ધિ"નો પડેલો પ્રભાવ-૨૫૩ "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની ગ્રંથમાં પ્રસિદ્ધિ-૨૫૫. "આત્મસિદ્ધિશાસ્ત્ર"ના અનુવાદો અને અભ્યાસ-૨૫૬. "આત્મસિદ્ધિશાસ્ત્ર"માં વસ્તુનિરૂપણશૈલી-૨૫૯. મંગલાચરણ-૨૬૧. ગ્રંથરચનાનો હેતુ-૨૬૩. મોક્ષમાર્ગ ક્યારે પમાય ?-૨૬૪. સદ્‌ગુરુમાહાત્મ્ય-૨૬૫. મતાર્થી જીવનાં લક્ષણો-૨૬૯. આત્માર્થી જીવનાં લક્ષણો-૨૭૨. આત્માનાં ૭ પદ-૨૭૪, પ્રથમ પદ : આત્મા છે-૨૭૮, બીજું પદ : આત્મા નિત્ય છે-૨૮૨. ત્રીજું પદ : આત્મા કર્તા છે-૨૮૬, ચોથું પદ : આત્મા ભોક્તા છે-૨૮૯. પાંચમું પદ : મોક્ષ છે-૨૯૧, છઠ્ઠું પદ : મોક્ષનો ઉપાય છે-૨૯૩, શિષ્યને બોધબીજની પ્રાપ્તિ-૨૯૮, ઉપસંહાર-૩૦૦. "આત્મસિદ્ધિ" ષડ્‌દર્શનનો સાર-૩૦૩, "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની મૌલિકતા-૩૧૦, "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની લોકભોગ્યતા ૩૧૨.

**પ્રકરણ ૬ : અપૂર્વ અવસર** ... ... ૩૧૪

પૂર્વ વિભાગ-૩૨ , (નિર્ગ્રંથ થવાની ભાવના-૩૨૦, નિર્ગ્રંથનાં લક્ષણો-૩૨૬, સમ્યગ્દર્શન-૩૨૭, નિર્ગ્રંથનું આત્મચારિત્ર-૩૨૯) ઉત્તરવિભાગ-૩૫૬, (કેવળજ્ઞાનનું સ્વરૂપ, કેવળીની દશા-૩૬૧, મોક્ષનું વર્ણન-૩૬૭, ઉપસંહાર-૩૭૧.)

**પ્રકરણ ૭ : પ્રકીર્ણ પદ્યરચનાઓ** ... ... ... ૩૭૭

શ્રીમદ્‌ના હિંદી રચનાઓ-૩૭૯. અંગત સ્થિતિસૂચક રચનાઓ-૩૮૯, મોક્ષમાર્ગનું નિરૂપણ કરતી રચનાઓ-૩૯૪, જડ-ચેતનનો ભેદ બતાવતી રચનાઓ-૪૦૩, 'જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો'-૪૦૬, પ્રભુ પ્રત્યે દીનત્વ-૪૦૯, અંતિમ સંદેશો-૪૧૧.

## વિભાગ ચોથો : શ્રીમદ્‌ની કિશોરાવસ્થા પછીની તત્ત્વવિચારણા - ગદ્યમાં

**પ્રકરણ ૮ : શ્રીમદ્‌ની તત્ત્વવિચારણા - પત્રોમાં** ... ... ... ૪૧૯

દુઃષમકાળ-૪૨૧, સંસાર-૪૨૨, સુખદુઃખ-૪૨૪, મનુષ્યદેહ, શરીર-૪૨૫. કર્મ-૪૨૭, કષાય-૪૨૯, જીવના દોષ-૪૩૧, પરિગ્રહ-૪૩૩, પ્રમાદ-અપ્રમાદ-૪૩૩, વ્યવહારશુદ્ધિ-૪૩૪, આત્મા-૪૩૫, આત્મા એક કે અનેક ?-૪૩૬, ધર્મ ૪૩૭, કલ્યાણ-૪૩૮, ત્યાગ, સર્વસંગપરિત્યાગ-૪૩૮, તપશ્ચર્યા-૪૪૦, ઇન્દ્રિયજય-૪૪૦, વૈરાગ્ય-૪૪૧, અસંગતા-૪૪૨, ધ્યાન-૪૪૨, સત્સંગ, સત્શાસ્ત્ર-૪૪૩, મુમુક્ષુ, મુમુક્ષુતા-૪૪૪. સદ્‌ગુરુની આવશ્યકતા-૪૪૫, સત્પુરુષ-જ્ઞાની કોણ ?-૪૪૬,

સત્પુરુષને ઓળખે કોણ ?–૪૪૭, સત્સંગમાં આવશ્યક વસ્તુઓ–૪૪૭, સત્પુરુષની, જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાનું ફળ–૪૪૮, જ્ઞાનીની અવજ્ઞાનું ફળ–૪૫૦, સત્સંગની દુર્લભતા–તેના વિયોગે જીવનું કર્તવ્ય–૪૫૦. ભક્તિ–૪૫૧, સમ્યક્દર્શન–૪૫૩, ક્ષાયિક સમકિત આ કાળે સંભવે ?–૪૫૬. સમ્યગ્દષ્ટિને સિદ્ધિઓ સાથેનો સંબંધ–૪૫૬, મિથ્યાદષ્ટિ–૪૫૭, સમ્યગ્દર્શનનું માહાત્મ્ય–૪૫૭, જ્ઞાનીની દશા, સ્વરૂપ–૪૫૮, જ્ઞાની-અજ્ઞાની વચ્ચેનો ભેદ–૪૫૯. જ્ઞાનઅને તેના પ્રકાર–૪૬૦. કેવળજ્ઞાન–૪૬૧. જ્ઞાન, વિવેકજ્ઞાન–૪૬૩. જાતિ સ્મરણજ્ઞાન. પુનર્જન્મ–૪૬૪. મોક્ષ–૪૬૪, પંચમહાવ્રત–૪૬૬, મુનિના આચાર–૪૬૬, ષડ્દર્શનમીમાંસા–૪૬૭. જૈનધર્મ–૪૬૮. જૈન માર્ગ પ્રગટ કહેવાને યોગ્ય કોણ ?–૪૬૮, શ્રીમદ્‌ની દૃષ્ટિએ જૈન ધર્મની વર્તમાન સ્થિતિ–૪૬૮. શ્રીમદ્‌ની મતમતાંતર વિશેની દૃષ્ટિ–૪૬૯. જગતનું સ્વરૂપ–૪૭૦, ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધ–૪૭૧.

**પ્રકરણ ૯ : રોજનીશી, નોંધપોથી ઇત્યાદિ** .. ... ૪૭૪

સમુચ્ચય વયચર્યા–૪૭૫. શ્રીમદ્‌ના સ્વહસ્તાક્ષરની નોંધબુક–૪૭૬, રોજનીશી–૪૭૮, આભ્યંતર પરિણામ અવલોકન–૪૮૨. હસ્તનોંધ ૧–૪૮૨. હસ્તનોંધ ૨–૪૮૫. હસ્તનોંધ ૩–૪૮૬.

**પ્રકરણ ૧૦ : પ્રકીર્ણ ગદ્યરચનાઓ** ... .. ૪૮૮

પ્રતિમાસિદ્ધિ–૪૮૯, સંયતિધર્મ–૪૯૩, પંચાસ્તિકાય–૪૯૪, દ્રવ્યસંગ્રહની ગાથાઓનો અનુવાદ–૫૦૦, ૭ પદનો ૫ત્ર–૫૦૦, આનંદઘનજીની સ્તાવનાવલિ–વિવેચન–૫૦૨, "સમયસાર" નાટકની ગાથાની સમજણ–૫૦૫, આઠ યોગદૃષ્ટિની સજ્ઝાયની કડીની સમજણ–૫૦૬, મોક્ષસિદ્ધાંત–૫૦૭, દ્રવ્યપ્રકાશ–૫૦૭, જૈનમાર્ગવિવેક–૫૦૮, શીર્ષક વિનાના અપૂર્ણ લેખો–૫૦૮, સુવચનો–૫૦૯.

**પ્રકરણ ૧૧ : શ્રીમદ્‌ના ઉપદેશની લેવાયેલી નોંધો** ... .. ... ૫૧૪

ઉપદેશનોંધ–૫૧૫, ઉપદેશછાયા–૫૨૦, વ્યાખ્યાનસાર–૧–૫૩૦, વ્યાખ્યાનસાર ૨–૬૩૪.

**વિભાગ પાંચમો : શ્રીમદ્‌નો સ્વ-પર આત્મવિકાસમાં ફાળો**

**પ્રકરણ ૧૨ : શ્રીમદ્‌નો ક્રમિક આત્મવિકાસ** ... ... ... ૫૪૧

તબક્કો પહેલો : મંથનકાળ–૫૪૨, તબક્કો બીજો : વીતરાગમાર્ગ પ્રતિનું વલણ–૫૪૪, તબક્કો ત્રીજો : સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ–૫૫૨, તબક્કો ચોથો : કેવળ લગભગ ભૂમિકા–૫૬૬.

**પ્રકરણ ૧૩ : શ્રીમદ્‌નો અન્ય વ્યક્તિઓ પર પડેલો પ્રભાવ** ... ... ૫૭૩

શ્રીમદ્ અને જૂઠાભાઈ–૫૭૪. શ્રીમદ્ અને મનસુખભાઈ–૫૭૮. શ્રીમદ્ અને ગાંધીજી–૫૮૨, શ્રીમદ્ અને અંબાલાલભાઈ–૫૯૨, શ્રીમદ્ અને લઘુરાજ સ્વામી–૬૦૧, શ્રીમદ્ અને સોભાગભાઈ–૬૨૧.

**પ્રકરણ ૧૪ : વિહંગાવલોકન** ... ... ... ૬૩૫

પરિશિષ્ટ ૧. શ્રીમદ્‌ના–મંદિરો–આશ્રમો–જ્ઞાન પ્રચારક મંડળો ... ... ... ૬૪૫
પરિશિષ્ટ ૨. શ્રીમદ્‌ની જીવનતવારીખ ... ૬૫૯
પરિશિષ્ટ ૩. શ્રીમદ્‌નું સાહિત્ય ... ... ... ૬૬૦
પરિશિષ્ટ ૪. શ્રીમદ્દે અવગાહેલ ગ્રંથોની યાદી ... ... ... ૬૬૨
પરિશિષ્ટ ૫. શ્રીમદ્‌ની કાળાનુક્રમે ક્ષેત્રસ્થિતિ ... ... ... ૬૬૩
પરિશિષ્ટ ૬. શ્રીમદ્ રાજચંદ્રનું વંશવૃક્ષ ... ... ... ૬૬૪
પરિશિષ્ટ ૭. સંદર્ભગ્રંથસૂચિ ... ... ... ૬૬૫

**સૂચિ** ... ... ... ૬૭૨

૧. વિશેષનામો ... ... ૬૭૨
૨. ગ્રંથો ... ... ૬૭૬
૩. સામયિકો તથા વર્તમાનપત્રો ... ... ૬૮૦
૪. વિષયો ... ... ... ૬૮૦